# શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

**વર્ષ :2024-2025**

## વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત યોજાયેલ વ્યાખ્યાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેયશન, પેટલાદમાં તારીખ: 17/08/2024 શનિવારના રોજ પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન આયોજિત સન્માન કાર્યક્રમ તથા વુમન સેલ અંતર્ગત "માનવ અધિકાર અને વુમન ચાઈલ્ડ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ એન.જી.ઓ. ના મહિલા સામાજિક કાર્યકર શ્રીમતી અલ્પાબેન પટેલ , પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન અધ્યક્ષશ્રી અંકિતભાઈ ભટવાણી , શ્રી અનુપભાઈ ભાટિયા , પેટલાદ વિધાન સભાના મીડિયા સેલ ઈન્ચાર્જ શ્રી ભાવેશભાઈ દરજી તથા વિશાલભાઇની અધ્યક્ષતામાં સંસ્થાના કા.આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ દ્વારા વુમન ચાઈલ્ડસ અને માનવ અધિકારની સંપૂર્ણ માહિતી મળે તે હેતુથી વક્તવ્યનું આયોજન C.W.D.C.ના નેજા હેઠળ કરવામાં આવ્યું. જેમાં અધ્યક્ષ સ્થાન શ્રીમતી અલ્પાબેન પટેલે શોભાવેલ હતું. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થી નનિષા સોલંકી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સંસ્થાના કા. આચાર્યા ડૉ.નયનાબેન શુક્લ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ અને પરિચય અધ્યાપિકા ડૉ.શ્વેતા ચૌહાણે આપેલ હતો. મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન અધ્યક્ષશ્રી અંકિતભાઈ ભટવાણીએ પોલીસ અને સમાજને લગતી માહિતી આપી અને શ્રી અનુપ ભાઈ ભાટિયાએ ટ્રાફિકના નિયમો જણાવી સૌને માહિતગાર કર્યા હતા. એન.જી.ઓ. ના મહિલા સામાજિક કાર્યકર શ્રીમતી અલ્પાબેન પટેલે "માનવ અધિકાર અને વુમન ચાઈલ્ડ " વિષય પર તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા હતા.હતી. ત્યારબાદ પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન તરફથી બી.એડ.નુ દ્વીતિય અને ચોથા સેમેસ્ટરમા ૬૦%થી વધુ ગુણથી ઊત્તીર્ણ કરનારને સર્ટીફિકેટ આપી સન્માનવામાં આવ્યા હતા. અંતમાં આભારવિધિ અધ્યાપિકા ડૉ. દિપીકા ચૌધરીએ કરેલ હતી. કાર્યક્રમમાં ઉદ્દઘોષકની ભૂમિકા અધ્યાપિકા ડૉ.શ્વેતા ચૌહાણે ભજવેલ હતી. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. અંતે સૌ અલ્પાહાર કરી છૂટા પડ્યા હતા.






GPS Map Camera
Petlad, Gujarat, India
FRG6+QV2, Dantali, Petlad, Gujarat 388480, India
Lat 22.47689°
Long 72.811966°
17/08/24 02:20 PM GMT +05:30
Google


GPS Map Camera
पेटलड,GJ,भारत
Dantali Township Road, Petlad, पेटलड, 388450, GJ, भारत
Lat 22.476462, Long 72.811969
08/17/2024 02:41 PM GMT+05:30
Note : Captured by GPS Map Camera










શ્રીમતી એસ.આઇ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન
પેટલાદ
પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગેનાઈઝેશન આયોજીત
સન્માન કાર્યક્રમ
તથા


GPS Map Camera
Petlad, Gujarat, India
FRG6+QV2, Dantali, Petlad, Gujarat 388480, India
Lat 22.476875°
Long 72.811987°
17/08/24 02:43 PM GMT +05:30
Google